# હવે મનપામાં ૧૧ વોર્ડ-૪૪ કોર્પોરેટર

**મનપાની હદમાં ૧૮ ગામ અને પેથાપુર નગરપાલિકા ભેળવાતા દોઢ લાખ વસ્તી ઉમેરાતા ૩ વોર્ડ અને ૧૨ સભ્યો વધારવા સરકારનો નિર્ણય : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે સરકારે નગારે ઘા કરી આલબેલ પોકારી**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મહાનગર પાલિકાની આગામી સામાન્ય ચૂંટણીમાં ૧૧ વોર્ડ રહેશે. રાજ્ય સરકારના શહેરી વિકાસ વિભાગે આજે સીમાંકન માટે વોર્ડની સંખ્યા નિયત કરતુ જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે.

સીમાંકન માટે ૧૧ વોર્ડ નિયત કરવામાં આવ્યા છે. ૨૦૧૧ની વસ્તી ગણતરીને ધ્યાને રાખી આ વોર્ડ સીમાંકન કરવામાં આવશે. રાજ્ય સરકારે તાજેતરમાં જ અર્થાત્ ગત ૧૮ જુનના રોજ મનપાની હદમાં વધારો કરી ૧૮ ગામોને ગાંધીનગર મહાનગર પાલિકામાં ભેળવવાનો નિર્ણય કર્યો છે.

જે વિસ્તારો ઉમેરવામાં આવ્યા છે તે અને શહેરનો હાલ વિસ્તારમાં ૨૦૧૧ની વસ્તીને ધ્યાને રાખી હવે સીમાંકન કરવામાં આવશે. એક વોર્ડમાં ૪ બેઠક માટે ચૂંટણી યોજવામાં આવશે.

શહેરમાં મનપામાં આગામી બોર્ડ ૪૪ સભ્યોનું બનશે. જેમાં ૨૨ બેઠકો મહિલાઓ માટે અનામત રહેશે. આ ઉપરાંત અનામત બેઠકોમાં પણ બદલાવ થશે.

સરકારે જે જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે તેમાં પાંચ બેઠકો અનુ. જાતિ માટે અનામત રાખવાની રહેશે. જે પૈકીની ૩ બેઠકો મહિલાઓ માટે અનામત રહેશએ. એક બેઠક અનુ. જન જાતિ માટે રિઝર્વ રાખવાની રહેશે. ૪ સીટો બક્ષીપંચ માટે અનામત રાખવામાં આવશે જે પૈકીની ૨ સીટો મહિલાઓ માટે અનામત રહેશે.

ગાંધીનગર શહેરમાં નવા વિસ્તારો ઉમેરાતાં હવે નવા સીમાંકન અંગેની અટકળો શરૂ થઈ ગઈ છે. જો કે સીમાંકનની કાર્યવાહી હવે આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે તેવા સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની મુદત એપ્રિલ-૨૦૨૧માં પૂર્ણ થાય છે. પરંતુ સીમાંકન માટેનો પુરતો સમય અને તે પછી તેના વાંધા-અરજીઓનો નિકાલનો પુરતો સમય રાજ્ય ચૂંટણી પંચ પાસે રહે તે રીતે સમગ્ર કાર્યવાહી હાથ ધરાશે.

રાજ્ય સરકારના વિશ્વસનીય સૂત્રોમાંથી પ્રાપ્ત થતી જિલ્લા-તાલુકા પંચાયતોની બેઠકો પણ નિયત કરતુ જાહેરનામુ પંચાયત વિભાગ દ્વારા હવે ટુંકમાં જ જારી કરી દેવામાં આવશે.

જિલ્લાના ૧૯ ગામ બે મહાનગરપાલિકા વિસ્તારમાં ભેળવવામાં આવતાં હવે નવુ સીમાંકન કરવાનું થશે. આ ઉપરાંત કલોલ તાલુકાના પણ ૧૭ ગામ માણસા સાથે ભેળવવામાં આવ્યા છે એટલે તાલુકા પંચાયતોનું પણ નવુ સીમાંકન હાથ ધરાશે.

સરકારના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે સરકારે પંચાયતો અને મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણીને લઈ નગારે ઘા કરી દીધો છે આ સાથે જ જિલ્લા અને શહેરના રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે.

## વાત ગાંધીનગરની

સવારથી જ શહેરમાં વરસાદી માહોલ હોવાથી વાતાવરણમાં ભારે ઠંડક હતી ત્યારે બપોર બાદ હળવાથી ભારે ઝાપટા પડવાથી વાતાવરણ હીલસ્ટેશનનો અનુભવ કરાવતુ હતુ.

**સ્વર્ણિમ સંકુલમાં કોરોનાનો પ્રવેશ**

રાજ્યનું મંત્રીમંડળ જ્યાં બેસીને રાજ્યનો વહીવટ કરે છે એવા સ્વર્ણિમ સંકુલમાં પણ કોરોનાએ પ્રવેશ કર્યો. રાજ્ય સરકારના વન અને પર્યાવરણ મંત્રી રમણભાઈ પાટકરને કોરોનાનો પોઝીટીવ રીપોર્ટ આવતા તેમને યુ.એન. મહેતા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા. રમણભાઈના સમાચાર ફેલાતા જ તમામ મંત્રીઓના કાર્યાલયોમાં મંત્રીઓ અને સ્ટાફમાં ફફડાટ વ્યાપ્યો હતો અને ભારે સાવધાની રખાઈ છે.

**સ્વર્ણિમ સંકુલમાં સેનેટાઈઝ ટનલ...**

રાજ્યના મંત્રીઓ જ્યાં કાર્યરત રહે છે એવા સ્વર્ણિમ સંકુલમાં પ્રવેશવા માટે અતિ આધુનિક સેનેટાઈઝર ટનલમાંથી પસાર થવુ પડે છે. વિશેષતા આ ટનલમાં એ છે કે તેમાંથી પસાર થતા તમામ મુલાકાતીઓનુ ઓક્સિજન લેવલ, હાર્ટબીટ તથા ટેમ્પરેચર પણ મપાઈ જશે અને જેમને પણ કોરોનાના બેઝીક પેરામીટર મેન્ટેઈન નહી થતા હોય એમને પ્રવેશ નહી અપાય. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ હતુ કે રાજ્યના મહાનુભાવોની સુરક્ષા માટે ખાનગી કંપનીએ આ ટનલ ભેટ આપી છે.

**મહાત્મા મંદિરના કર્મચારીઓનો પગાર કાપ**

ગાંધીનગરની ઓળખ સમા અને વીવીઆઈપી કાર્યક્રમોના સ્થળ તરીકે જાણીતા બનેલ મહાત્મા મંદિરના સ્ટાફને કોરોનાનુ ગ્રહણ નડ્યું છે. તમામ સ્ટાફને મહિનામાં પંદર દિવસ આવવાનું કહેવાયુ છે અને એ જ પ્રમાણે પગાર પણ પંદર દિવસનો જ મળશે એમ જણાવાયુ છે. કોરોનાનો કહેર ક્યાં ક્યાં પહોંચશે એની તો કલ્પના જ કરવાની રહી કારણ કે અતિ જંગી ભાડુ વસુલતી સંસ્થાના કર્મચારીઓને પણ કોરોના નડે તો નાની કંપનીઓની તો વિસાત જ શુ.

**એક જ કેમ્પસમાં બેવડુ ધોરણ**

ગાંધીનગરના નોલેજ કોરીડોર ખાતે ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીમાં કોરોનાના વધતા સંક્રમણને પગલે વર્ક ફોર હોમ જાહેર કરાયુ. જ્યારે એ જ કેમ્પસમાં આવેલ મેરીટાઈમ યુનિવર્સિટી હજુ કર્મચારીઓથી ધમધમે છે. એક જ કેમ્પસના બેવડા વલણથી ચર્ચા જાગી છે.

**પોલીસ અધિકારીઓની બદલી-બઢતીના ફરી ભણકારા**

પોલીસભવન અને ગૃહ વિભાગમાં ૧૯૮૬-૮૭ની બેચના આઈપીએસ અધિકારીઓની બદલી-બઢતીના ભણકારા વાગે છે. ખાસ કરીને કેશવકુમાર, વિનોદ મલ્લ, સંજય શ્રીવાસ્તવ અને કે.કે. ઓઝાને ડાયરેક્ટર જનરલમાં પ્રમોશન અપાશે. આગામી સપ્તાહે લાંબા સમયથી જોવાતી રાહ અને અટકળોનો અંત આવશે. અમદાવાદ-વડોદરા અને સુરતને નવા પોલીસ કમિશનર મળવાની પુરી શક્યતા છે.

**અને છેલ્લે...**

સહકારી કચેરીઓમાં કોરોના સંક્રમણની આચારસંહિતાનું અનુપાલન અસરકારક નહીં થવાના કારણે સચિવાલય અને અન્ય સરકારી કચેરીઓમાં કર્મચારી-અધિકારીઓ ઝડપથી કોરોનાથી સંક્રમિત થઈ રહ્યા છે. બેંકોમાં પણ આવી જ સ્થિતિનો અનુભવ થાય છે.

# ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો હાહાકાર : વધુ ૨૦ કેસ નોંધાયા

**સારવાર દરમિયાન કુડાસણની મહિલાનું મોત : ક્વોરોન્ટાઈન હેઠળ ૧૭,૭૬૮ લોકો : ગાંધીનગરમાં ૧૨ કેસ તો માણસામાં ૩ અને કલોલમાં ૫ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે કોરોનાના ૨૦ કેસ મળી આવ્યા છે. આજે સારવાર દરમિયાન વધુ એક મહિલાનું મોત થયુ છે.

ગાંધીનગર તાલુકાના કુડાસણ ગામની મહિલાનું આજે સારવાર દરમિયાન મોત થયુ છે. આ મહિલના મોત સાથે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાની સારવાર દરમિયાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૫૩ પર પહોંચી છે.

ગ્રામીણ વિસ્તારમાં કેસોની સંખ્યા અને ડેથ રેટ જે રીતે વધી રહ્યો છે તેને લઈ તંત્રની ચિંતા વધુ ઘેરી બની છે. તંત્ર દ્વારા કોવિડ-૧૯ના સંક્રમણને નાથવા માટે જે પગલાં લેવામાં આવી રહ્યા છે તેના અસરકારક અમલીકરણ માટે આક્રમકતા સાથે આગળ વધવાની વ્યુહરચના તંત્રએ વિચારણામાં લીધી હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં આજે ૧૨ કેસ નોંધાયા છે. આ ઉપરાંત કલોલમાં ૫ અને માણસામાં ૩ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકામાં ચિલોડામાંથી ૩ અને ૧ કેસ સાલુજીના મુવાડા-ડભોડા ખાતેથી મળી આવેલ છે. જેમાં બે મહિલા અને બે પુરૂષ દર્દીઓ હોવાનું જાણવા મળેલ છે. આ દર્દીઓને ગાંધીનગર સિવિલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત આજે વાવોલમાંથી એક ૬૭ વર્ષીય મહિલા, ૭૦ વર્ષીય પુરૂષ અને ૫૮ વર્ષીય પુરૂષ દર્દી મળી આવ્યા છે. વાવોલમાં વધતા જતા કોરોનાના કેસોને પગલે તંત્રની ચિંતા વધી છે.

ઉનાવામાંથી એક ૩૦ વર્ષીય યુવાન, કસ્તુરીનગરમાંથી ૧૯ વર્ષનો યુવાન તેમજ કોલવડામંથી એક ૨૦ વર્ષીય યુવાન એમ ત્રણ યુવાનોના રિપોર્ટ પણ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. કોલવડામાં પણ કેસોની સંખ્યા વધી રહી છે.

અડાલજમાંથી એક ૫૪ વર્ષીય પુરૂષ અને સરગાસણમાંથી એક ૬૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકામાં અર્બન વિસ્તારમાંથી ૨ અને ગ્રામ્ય વિસ્તારમાંથી ૩ કેસ આજે મળી આવ્યા છે. સઈજ, આરસોડિયા અને બોરીસણામાંથી કેસો મળવા ઉપરાંત અર્બન-૧ માંથી ૫૯ વર્ષીય પુરૂષ અને અર્બન-૨ માંથી ૪૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં આ દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વધતું કોરોના સંક્રમણ : નવા ૮ કેસ

**૩૦૦ થી વધુ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ : સે. ૪-સી, સે. ૫-એ, સે. ૮-બી, સે. ૨૯, જીઈબી અને બોરીજમાંથી કેસ મળ્યા**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૮ દર્દી મળી આવ્યા છે. આ સાથે ગાંધીનગર મનપા વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓની સંખ્યા ૨૫૩ પર પહોંચી છે.

આજે સે. ૪-સી, સે. ૫-એ, સે. ૮ માં બે કેસ, સે. ૨૯ માં બે કેસ તેમજ બોરીજ અને જીઈબી કોલોનીમાંથી કેસ મળી આવ્યા છે. આજે મળેલા ૮ કેસમાં ૩ મહિલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે.

મનપાના સૂત્રોના જણાવ્યાનુસાર હાલ શહેરમાં ૫૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૧૯૫ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. કોરોનાની સારવાર દરમિયાન અત્યાર સુધી શહેરમાં ૭ દર્દીના મોત થયા છે.

શહેરમાં હાલ ૩૦૦ થી વધુ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ છે. જેમાં ૪૪ સરકારી ફેસીલીટીમાં તો ૨૫૭ હોમ ક્વોરોન્ટાઈન થયેલા છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૯ માંથી એક દંપત્તિ કોરોનામાં સપડાયુ છે. તેઓ પોઝીટીવ દર્દીના સંપર્કમાં આવતાં તેઓને કોરોના થયો છે. આ બન્ને વ્યક્તીઓને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પરિવારના બે સભ્યોને તંત્ર દ્વારા હોમ ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

સે. ૮-બી માંથી એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૩૭ વર્ષીય મહિલાને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ગૃહીણી કેવી રીતે સંક્રમિત થઈ તેને લઈ તંત્રએ તપાસ હાથ ધરી છે.

આ ઉપરાંત ૮-બી માંથી એક ૭૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

આ બન્ને મહિલા પરિવારની દસ વ્યક્તીઓને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગુજકેટની પરીક્ષા જુલાઈમાં નહી પરંતુ હવે ૨૨ ઓગષ્ટના રોજ લેવાશે

ગાંધીનગર તા ૮

કોરોનાની મહામારી વચ્ચે હાલ શાળા કોલેજો બંધ છે. વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ પુરુ પાડવામાં આવી રહ્યુ છે. જયારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૩૦ જુલાઈના રોજ યોજાનારી ગુજકેટની પરીક્ષાની તારીખમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. હવે આ પરીક્ષા ૨૨ ઓગષ્ટના રોજ યોજવામાં આવશે.

કોરોનાની મહામારી વચ્ચે હાલ શાળા કોલેજો બંધ છે. વિદ્યાર્થીઓનુ શિક્ષણ ન બગડે તે માટે સરકારે હોમ લર્નિંગનો કન્સેપ્ટ અપનાવ્યો છે. શાળા કોલેજો બંધ છે. છતા જિલ્લામાંથી હજારો વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ પુરુ પાડવામાં આવી રહ્યુ છે. શિક્ષણ તંત્રએ પણ અન્ય પરીક્ષાઓ રદ કરવી પડી છે. જયારે પરીક્ષાઓની તારીખમાં પણ વારંરવા ફેરફાર કરવો પડે છે. જી ટી યુ ની તમામ પરીક્ષાઓ રદ કરવામાં આવી છે. જયારે ગુજકેટની પરીક્ષામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ ડી એસ પટેલના જણાંવ્યા મુજબ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ડીગ્રી એન્જિનિયરીંગ, ડીગ્રી , ડિપ્લોમાં અને ફાર્મસી સહીતના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે ગુજકેટ -૨૦૨૦ની પરીક્ષામાં ગૃપ એ માં ૪૯૮૮૮ અને ગૃપ બી માં ૭૫૫૧૯ અને ગૃપ એ બી માં ૩૭૪ સહીત કુલ ૧૨૫૭૮૧ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે.ગુજરાત કોમન એન્ટ્રસ ટેસ્ટ અગાઉ તા ૩૦ જુલાઈના રોજ યોજવાનુ નક્કી કરાયુ હતુ પરંતુ હવે આ પરીક્ષા ૨૨ ઓગષ્ટના રોજ યોજવામાં આવશે.

# શહેરમાં અડધો ઈંચ વરસાદ

**ચોમાસાની મોસમ નિખરી : સેકટરોમાં આંતરિક માર્ગો તેમજ કોમન પ્લોટ પર વરસાદી પાણી ભરાયા : શહેરમાં સિઝનનો સાડા ૬ ઇંચ વરસાદ : જિલ્લામાં અત્યાર સુધી સિઝનનો ૧૯.૨૯ ટકા વરસાદ**







ગાંધીનગર તા ૮

ગાંધીનગરમાં છેલ્લા ચાર દિવસથી ગોરંભાયેલા વાદળો આજે બપોરે અચાનક જ વરસ્યા હતા. જો કે ભારે ઝાપટાના અંતે વરસાદ થંભી ગયો હતો. અડધા ઈંચ વરસાદના લીધે શહેરના સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ઉભરાતા નજરે પડયા હતા. સેકટરોના આંતરિક માર્ગો તેમજ કોમન પ્લોટમાં પાણી ભરાયા હતા. જયારે સેકટરોમાં વરસાદી સમસ્યાઓ પણ પુન : જીવિત થઈ હતી. સેકટરોમાં વરસાદી પાણીના ભરાવા સાથે કાદવ કિચ્ચડ અને ગંદકી જોવા મળી હતી. વરસાદના લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. સાંજે પણ ઝરમરિયો વરસાદ વરસ્યો હતો. સાંજના સમયે શહેરનુ વાતાવરણ હીલ સ્ટેશન સમાન બની ગયુ હતુ. આકાશમાં છવાયેલા વાદળિયા વાતાવરણ વચ્ચે માર્ગો પર વરસાદી ધુમ્મસ જોવા મળ્યુ હતુ. વરસાદના લીધે જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ. બપોરના સમયે અચાનક જ વરસાદનુ ભારે ઝાપટુ વરસતા રાહદારીઓએ માર્ગની આસપાસ વૃક્ષ નીચે આશરો લીધો હતો. છેલ્લા ત્રણ ચાર દિવસથી વરસાદી વાતાવરણ જામ્યુ છે. જયારે આકરા સુર્ય પ્રકાશની ગેરહાજરી વચ્ચે વરસાદી વાદળો છવાયેલા રહેતા નગરજનો ગરમીમાં પણ રાહત અનુભવી રહ્યા છે. બીજીતરફ બેવડી ઋતુનો અહેસાસ કરતા નગરજનોના આરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે. ત્યારે કોરોનાના કહેર વચ્ચે મેઘરાજાની એન્ટ્રી બાદ મચ્છર જન્ય રોગચાળો ડામવા

● અનુસંધાન પાન-૭ પર

### તાલુકાવાર વરસાદની સ્થિતિ

| તાલુકો | સંભવિત સરેરાશ વરસાદ | સિઝનનો વરસાદ | ટકા |
|---|---|---|---|
| દહેગામ | ૮૨૮ | ૨૬૫ | ૩૧.૯૯ |
| ગાંધીનગર | ૭૦૯ | ૯૫ | ૧૩.૪૦ |
| કલોલ | ૭૯૦ | ૧૦૦ | ૧૨.૬૬ |
| માણસા | ૮૦૭ | ૧૪૩ | ૧૭.૭૨ |

## શહેરમાં સેકટરીયો વરસાદ : નવામાં વરસે તો જુના સેકટરોમાં કોરુ ધાકોર

ગાંધીનગર તા ૮

સમગ્ર રાજયમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી બાદ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. જયારે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત સહીતના વિસ્તારમાં મેઘરાજાએ ચોમેર પાણી પાણી કરી દીધુ છે. ત્યારે રાજયના પાટનગરમાં વરસાદી મોસમનો જુદો જ નઝારો જોવા મળી રહ્યો છે. શહેરમાં વરસાદી મોસમના પ્રારંભ સાથે જ નવા અને જુના સેકટરોમાં વરસાદનો મિજાજ અલગ જોવા મળે છે. ક્યારેક નવા સેકટરોમાં ભારે ઝાપટુ વરસાવી જતા વરસાદના અંતે જુના સેકટરોમાં કોરુ ધાકોર જોવા મળી રહ્યુ છે. જયારે જુના સેકટરોમાં મેઘરાજા મહેરબાન થાય તો નવા સેકટરોમાં વરસાદનુ ટીપું પણ પડતુ નથી. ન્યુ ગાંધીનગર સુધી બધુ સાવ કોરુધાકોર હોય છે. શહેરમાં વરસાદની પેટર્ન બદલાઈ હોવાનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. અલબત્ત એક સેકટરમાં ધમાકેદાર ઝાપટુ વરસે પરંતુ બીજા સેકટરમાં વરસાદનો છાંટો પણ પડતો નથી. શહેરમાં આ વર્ષે સેકટરીયો વરસાદ ટોક ઓફ ધ ટાઉન બન્યો છે. વિશાળ આકાશમાં ગોરંભાતા વાદળોના અંતે મેઘરાજા નગરના અમુક સેકટરો પર હેત વરસાવે છે તો અન્ય સેકટરમાં છત્રી લઈને પસાર થવુ પણ આશ્ચર્યનુ કારણ બને છે. શહેરમાં વરસાદની પેટર્ન બદલાઈ છે. અલબત્ત સેકટરીયો વરસાદ નગરજનો માટે આશ્ચર્ય સાથે ચર્ચાનો વિષય છે.


**દુઃખદ અવસાન**



આથી ઘણા દુઃખ સાથે જણાવવાનું કે અમારા પરમ પૂજ્ય પિતાશ્રી શૈલેષભાઈ પ્રવીણભાઈ બેલાણીનું તા. ૬-૭-૨૦૨૦ ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સદ્ગતનું બેસણું રાખેલ નથી.

નિવાસ સ્થાન : A-504, શ્રી રંગ હાઈટ્સ-૨, પી.ડી.પી.યુ. રોડ, કુડાસણ, ગાંધીનગર. મો. 97270 18023

લિ. બેલાણી મીત શૈલેષભાઈ
બેલાણી યોગેશભાઈ પ્રવિણકાંત
ચાંપાનેરી દેવેન્દ્રભાઈ



**દુઃખદ અવસાન**

અમારા ભાઈશ્રી ડો. પુરૂષોત્તમભાઈ સોમાભાઈ પટેલ તા.૮-૭-૨૦૨૦ને બુધવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે.

વર્તમાન પરીસ્થિતીને ધ્યાનમાં રાખીને સદ્ગતનું બેસણું રાખેલ નથી

નિવાસસ્થાન : પ્લોટ નં.૩૦૮/૨, સેક્ટર-૭/એ, ગાંધીનગર. મો.૯૯૨૫૫ ૯૯૨૮૯

સ્વ.સોમાભાઈ વલ્લભદાસ પટેલ પરિવાર

દક્ષાબેન પુરૂષોત્તમભાઈ પટેલ (કેશવલાલ ત્રિપાઠી)

જયશ્રીબેન અરવિંદભાઈ પટેલ — અરવિંદભાઈ સોમાભાઈ પટેલ
મીનાબેન વિષ્ણુભાઈ પટેલ — વિષ્ણુભાઈ સોમાભાઈ પટેલ
નયનાબેન બકુલકુમાર પટેલ — બકુલકુમાર રામભાઈ પટેલ
જ્યોત્સનાબેન મહેન્દ્રકુમાર પટેલ — મહેન્દ્રકુમાર રતિલાલ પટેલ
પાયલ આલોક પટેલ — આલોક પુરૂષોત્તમભાઈ પટેલ
જાનકી પુરૂષોત્તમભાઈ પટેલ — માહીમ આલોક પટેલ

પિયરપક્ષ : સ્વ.કેશવલાલ ગોરધનદાસ ત્રિપાઠી પરિવાર


# પ્રભારી મંત્રીની હાજરીવાળી સંકલન સમિતિમાં નેતાઓ વચ્ચે તુ...તુ... મૈ મૈ

**સંકલન સમિતિની બેઠક અનિર્ણાયક રહી : સહિયારા નિર્ણયની પરંપરાનો પ્રભારી મંત્રીએ પાઠ ભણાવી સંપર્ક અભિયાન અને એકતાનો એકડો ઘૂંટવાની સલાહ આપી**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મનપામાં ચૂંટાયેલી પાંખ અને સંગઠન તેમજ ચૂંટાયેલી પાંખ અને વહીવટીયતંત્ર વચ્ચે ચાલી રહેલ શીત યુદ્ધને શાંત કરવા માટે ગઈકાલે પ્રભારી મંત્રી કૌશિક પટેલના અધ્યક્ષપદે મળેલી બેઠકમાં તુ તુ મૈ મૈ થતાં ચોંકી ઉઠેલા પ્રભારી મંત્રીએ સૌને સહિયારો નિર્ણય કરી આગળ વધવાની શીખામણ આપી વધાવ્યા હતા.

બે કલાકથી પણ વધુ ચાલેલી આ બેઠકમાં સ્થાયી સમિતિ અને મેયરની કચેરી વચ્ચે તેમજ કમિશનરની કચેરી વચ્ચે પડેલી તિરાડો સ્પષ્ટ રીતે બહાર આવી હતી.

આ બેઠકમાં કોરોનાની મહામારીમાં તંત્રએ પ્રજાને રામભરોસે છોડી દીધી હોવાનો આક્ષેપ કરી સરકારની સૂચનાઓનું પાલન પણ કમિશનરે કર્યુ નહિ હોવાની રજુઆત થઈ હતી એટલુ જ નહિ કમિશનરે કાઉન્સીલરોને પણ માર્ગદર્શન આપ્યુ નથી કે વસાહતીઓ અને વિવિધ અગ્રણીઓ સાથે વાત નહિ કરીને સરકારની સૂચનાઓનો અનાદર કરવામાં આવ્યો છે.

સ્થાયી સમિતિ દ્વારા ટેન્ડરો અને એજન્સીઓના ચૂકવણા અટકાવવામાં આવી રહ્યાનો પણ આક્ષેપ કરી મનમાની ચાલતી હોવાની વાતો રજુ થઈ હતી.

સ્થાયી સમિતિના એજન્ડામાં મેયરને અને સામાન્યસભાના એજન્ડામાં કાઉન્સીલરોને પણ વિશ્વાસમાં લેવામાં આવતા નહિ હોવાના આક્ષેપો અને પ્રતિ આક્ષેપો થયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com